ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી



# ઉત્તર ગુજરાતમાં વરસાદની રમઝટ

## ૧૪ લાખ હેક્ટર ખેતીને ફાયદો જ ફાયદો : જળાશયો છલકાવવાની આશા હજુ પણ અધૂરી



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

ઉત્તર ગુજરાતમાં વરસાદની રમઝટથી ૧૪ લાખ હેક્ટર ખેતીને સાઠંબા થી સાંતલપુર સુધી ફાયદો જ ફાયદો જોવા મળી રહ્યો છે. પરંતુ જળાશયો છલકાવવાની આશા હજુ પણ અધૂરી છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતના કેટલાક તાલુકાઓ અને ગ્રામ્ય વિસ્તારોમાં સૂપડાધારે અઢી થી ચાર ઈંચ વરસાદ વરસ્યો છે અનેક ખેતરો બેટમાં ફેરવાયા છે. ખાલીખમ તળાવો અને ચેકડેમમાં નવા નીરની આવક જોવા મળી છે.

સળંગ ત્રીજા દિવસે પણ ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં વરસાદની હાજરીથી પ્રજા, વેપારી અને ખેડૂતો ખુશ જોવા મળ્યા. ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકાઓમાં ૧૪.૩૩ લાખ હેક્ટરથી વધુ જમીનમાં તુવર, મકાઈ, બાજરી, મગફળી, કપાસ, ઘાસચારાની વાવણી થઈ હતી. આકાશી ખેતી ઉપર નભતા ખેડૂતો વરસાદ ખેંચાતાં ચિંતાતૂર બન્યા હતા પરંતુ આખરે ઉત્તર ગુજરાતના આકાશમાં કાળાં ડીબાંગ વાદળોએ દેખાદીધી અને પછી ક્યાંક ઝરમરીયો, ક્યાંક મધ્યમ અને કેટલાક વિસ્તારોમાં સાંબેલાધારે વરસાદ વરસતાં ખેડૂતો મલકાઈ ઉઠ્યા છે. જે ખેડૂતો પાસે સિંચાઈની કોઈ સુવિધા ઉપલબ્ધ ન હતી તેવા ખેડૂતો માટે માત્ર કુદરત ઉપર ભરોસો રાખ્યા સિવાય બીજો કોઈ આરો ન હતો. જન્માષ્ટમીની પૂર્વ સંધ્યાથી સતત વરસાદની હાજરીએ લીલીછમ હરિયાળીને ફરીથી જીવંત બનાવી છે. ખેતી માટે આકાશમાંથી સતત કાચુ સોનું વરસી રહ્યાનું ખેડૂતો જણાવી રહ્યા છે. જિલ્લામાં ગુરૂવારે પણ અનેક વિસ્તારોમાં હળવા અને ભારે વરસાદી ઝાપટાં નોંધાયાં હતાં. ઉત્તર ગુજરાતના વડગામ, મહેસાણા, બેચરાજી, જોટાણા, સતલાસણા, વિજાપુર, હિંમતનગર, ખેડબ્રહ્મા, પોશીના, પ્રાંતિજ, વિજયનગર, બાયડ, ભિલોડા, મેઘરજ અને મોડાસામાં અડધા થી બે ઈંચ જેવો સરેરાશ વરસાદ નોંધાયો છે. આગામી તા.૫ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની આગાહીના કારણે જગતનો તાત હરખાતો જોવા મળ્યો છે.

# રાજ્યમાં આખરે પ્રાથમિક શાળાનો પણ કવોરેન્ટાઈન પીરિયડ પુર્ણ

## સ્કૂલ ચલે હમ...!! સંકુલો ખીલખીલાટ

છેલ્લા દોઢ વર્ષ કરતા વધુ સમયથી કોરોના કાળ ચાલી રહ્યો હતો. જેના પરિણામે બાળકોની સલામતીના ભાગરૂપે સ્કૂલ અને કોલેજો બંધ રાખવામાં આવી હતી. જેથી વિદ્યાર્થીઓને સ્કૂલ દ્વારા ઓનલાઈન અભ્યાસ પુરૂ પાડવમાં આવી રહ્યું હતુ. તેવામાં લાંબા સમયથી ઓનલાઈન અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓમાં પણ ઓફલાઈન શિક્ષણની માંગ ઉઠી હતી.ત્યારે હવે રાજ્યમાં કોરોના પોઝિટીવ કેસોની સંખ્યામાં ઘટાડો જોવા મળતા શિક્ષણ મંત્રી ભુપેન્દ્ર ચુડાસમા અને પ્રાથમીક શીક્ષણ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લઈ બીજી સપ્ટેમ્બરથી ધો. ૬ થી ૮ ના વર્ગો ઓફલાઈન શરૂ કરવામાં આવ્યા છે.

ગુજરાત સહીત અરવલ્લી જીલ્લાની પ્રાથમીક શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ કાર્ય શરૂ થતા વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા



મળ્યો હતો આખરે ૧૭ મહીના પછી શૈક્ષણીક સંકુલો ખીલખીલાટ ખીલી ઉઠ્યા હતા ખાનગી તેમજ સરકારી શાળાઓએ સરકારીની એસ.ઓ.પી નુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.આરોગ્ય તંત્રએ વિદ્યાર્થીઓના આરટીપીસીઆર ટેસ્ટની કામગીરી પણ ઝડપી હાથધરી છે.

કોરોનાથી સૌથી વધારે પ્રભાવિત શિક્ષણ ક્ષેત્ર થયું છે. ગત વર્ષે તો બોર્ડની પરીક્ષા પણ લઈ શકાઈ ન હતી. ત્યારે હવે કોરોનાનું સંક્રમણ ઘટી રહ્યું છે તેમ તેમ તબક્કાવાર વિવિધ વિભાગમાં ઓફ લાઈન વર્ગો શરૃ થઈ ગયાં છે. અગાઉ ધોરણ-૧૨ અને ૧૧ ના ઓફ લાઈન વર્ગો શરૃ કર્યા બાદ માધ્યમિક વિભાગ એટલે કે ધોરણ-૯ અને ૧૦ની શાળાઓના દ્વાર પણ વિદ્યાર્થીઓ માટે ખોલી દેવામાં આવ્યા હતાં.ત્યારે હવે ત્રીજી લહેરની શક્યતાઓ નહીં જણાતાં રાજ્ય સરકારે ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગની શાળાઓ પણ ખુલી મુકવામાં આવી છે અરવલ્લી જીલ્લામાં દોઢ મહિના બાદ ગુરુવારથી ધો.૬ થી ૮ ના વર્ગોમાં ૫૦ ટકા વિદ્યાર્થી સંખ્યા,વાલીઓની સંમતિ સાથે પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું અરવલ્લીની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર સહિત કુલ-૭૩૭ પ્રા.શાળાઓ વિદ્યાર્થીઓના કલરવ ગુંજી ઉઠ્યા હતા.

### પ્રાથમિક શિક્ષકોની મૂંઝવણ-સમસ્યાઓમાં થતો વધારો

# જિલ્લાના એકપણ લોકપ્રતિનિધિ ખૂલીને શિક્ષકોનું સમર્થન કરવા તૈયાર નથી..!!

### શાળાઓ મર્જ છતાં અનેક વાલીઓ પાણીમાં બેઠા જેવી સ્થિતિ, ક્યાંક જાગૃતતા દેખાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

શિક્ષકોને આદર સન્માન આપતા લોકો આજે પણ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળ્યા હતા પરંતુ પ્રા.શિક્ષકોને જ્યારે સધીયારાની જરૂર હોય ત્યારે બહુમત વાલીઓ અને લોકપ્રતિનિધિઓ મોં ફેરવી રહ્યા છે. પ્રા.શિક્ષકોની મૂંઝવણ અને સમસ્યાઓમાં દિવસો પસાર થાય તેમ વધારો થઈ રહ્યો છે છતાં ચૂંટાયેલા અને હારેલા લોકપ્રતિનિધિઓ ખૂલીને શિક્ષકોનું સમર્થન કરવા તૈયાર નથી. ભાજપના લોકપ્રતિનિધિઓ કદાચ જાહેરમાં હરફ ન ઉચ્ચારે પરંતુ કોંગ્રેસના લોકપ્રતિનિધિઓને કેમ મોંઢા ઉપર તાળાં વાગી ગયાં છે..?? તે પ્રા.શિક્ષકોને સમજાતું નથી.

શિક્ષકોનું વારંવાર સન્માન થવું જોઈએ. શિક્ષકે દેશની ભાવિ પેઢી માટે મહામૂલું યોગદાન આપ્યું છે તે કદીય વિસરાઈ શકે નહીં. કેટલાક કિસ્સાઓમાં પ્રા.શિક્ષકોની ખરાબ હરકતના કારણે તમામ પ્રા.શિક્ષકને તેની સમકક્ષ ક્યારેય ન મૂકી શકાય. પ્રા.શિક્ષકોને જ્યારે જ્યારે સરકારે જે પણ કામગીરી સોંપી હોય તે કોઈપણ પ્રકારના કચવાટ વગર સ્વીકારી લીધી છે. પરંતુ રાજ્યમાં કોગ્રેસ કે ભાજપની સરકાર હોય કે પછી રાજપા સરકાર હોય તેમાં પ્રા.શિક્ષકોને પોતાના હક્ક અને ન્યાય માટે ગર્જના કરવાની નોબત આવી છે. ક્યારેય સામે ચાલીને કોઈ સરકારે પ્રા.શિક્ષકોના પ્રશ્નોનો ઉકેલ લાવ્યા નથી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૨૫૦૦ સરકારી પ્રાથમિક શાળાના ૧૧,૫૦૦ થી વધુ પ્રા.શિક્ષકો કેવી કપરી પરિસ્થિતિમાં શિક્ષણ કાર્ય આપી રહ્યા છે તે જોવાની લોકપ્રતિનિધિઓને નવરાશ નથી. છેલ્લા કેટલાક સમયથી પ્રા.શિક્ષકો તેમના ગ્રેડ-પે સ્કેલ, જૂના પડતર પ્રશ્નો, ધો.૧ થી ૫ ના શિક્ષકોને કાયદો દેખાડી ધો.૬ થી ૮ માં શિક્ષણ કાર્ય આપવા મજબૂર કરવા, કોર્ટમાં ગયેલા શિક્ષકોના મહિનાઓ સુધી પગાર અટકાવી દેવા સહિતની અનેક શિક્ષકો માટેની મુશ્કેલ કાર્યવાહી કરવામાં આવી છે છતાં પ્રા.શિક્ષકો જરાપણ વિચલિત થયા વિના આજે પણ જે કોઈપણ કામગીરી સોંપવામાં આવે તે સ્વીકારીને પૂર્ણ કરે છે.

જિલ્લામાં અત્યારે ૬૫ થી વધુ પ્રાથમિક શાળાઓ બંધ થવાની છે અને આવનારા દિવસોમાં પ્રા.શિક્ષકોની વધ પડશે. બંન્ને જિલ્લામાં ઓછી વિદ્યાર્થી સંખ્યાના કારણે ગત નવેમ્બર-ડિસેમ્બરમાં અનેક પ્રા.શિક્ષકોને અન્ય તાલુકામાં નિયુક્ત કરવામાં આવ્યા છે તેમનો સળગતો પ્રશ્ન હજુ પણ આવનારા દિવસોમાં દાવાનળ બની શકે છે ત્યારે જિલ્લાના ભાજપ, કોંગ્રેસ કે પછી અન્ય પક્ષોના લોકપ્રતિનિધિઓએ પ્રા.શિક્ષકોના સાચા અને યોગ્ય પ્રશ્નો માટે ખૂલીને બહાર આવવાનો સમય પાકી ગયો છે. વાલીઓએ શાળાઓ મર્જ થવાના કેસમાં ૬ થી ૭ ગામડામાં વિરોધ દર્શાવ્યો. જ્યારે અન્ય ૫૮ ગામડાના વાલીઓએ મર્જના નિર્ણયને સ્વીકારી લીધો. શાળાઓ મર્જ થયા પછી હવે કેટલાક ગામોમાં વર્ગો બંધ થવાથી હોબાળા સામે આવી રહ્યા છે ત્યારે વાલીઓએ પણ ખૂલીને શિક્ષકોના સમર્થનમાં આવવાનો સમય પાકી ગયો છે.

# બાયડ તાલુકાની ૨ પ્રા.શિક્ષિકાઓની શ્રેષ્ઠ તાલુકા શિક્ષક તરીકે પસંદગી

### ૫ સપ્ટેમ્બરે મોડાસામાં સન્માન થશે





સર્વશ્રેષ્ઠ કામગીરી કરનારા પ્રા.શિક્ષકોનું શિક્ષક દિવસ નિમિત્તે દર વર્ષે સન્માન થાય છે. બાયડ તાલુકામાં શ્રેષ્ઠ કામગીરી કરનારા શિક્ષકોની યાદીમાં ૨ પ્રા.શિક્ષિકાઓનો સમાવેશ થયો છે. જેમનું તા.૫ સપ્ટેમ્બરે મોડાસા ખાતે યોજાયેલા સમારંભમાં સન્માન થશે જેને લઈને તાલુકાના પ્રા.શિક્ષકોમાં ખુશાલી છવાઈ છે. બાયડ તાલુકાની પ્રાંતવેલ વર્ગ પ્રા.શાળાના શિક્ષક મિત્તલબેન એ. પટેલ અને પાલડી પ્રા.શાળાના પ્રા.શિક્ષક સુશિલાબેન વી. પટેલે શ્રેષ્ઠ પ્રા.શિક્ષકની દાવેદારીમાં પોતાનું નામ નોમિનેટ કર્યું હતું. શિક્ષણ ક્ષેત્રે કરેલી કામગીરી તેમજ અન્ય પ્રવૃત્તિઓ સહિતનો વિગતવાર અહેવાલ ટી.પી.ઓ. મારફતે જિલ્લા કક્ષાએ મોકલવામાં આવ્યો હતો અને તેમાં શ્રેષ્ઠ કામગીરીના આધારે તાલુકા અને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ પ્રા.શિક્ષકોની પસંદગી થઈ છે જેમાં તાલુકા કક્ષાના ૨ પ્રા.શિક્ષકોમાં તેમનો સમાવેશ થતાં શિક્ષક આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ગોઢકુલ્લા ગ્રેનેડ બ્લાસ્ટના પગલે યાત્રાધામ શામળાજી મંદિરની સુરક્ષા વધારાઈ

શામળાજી નજીક આવેલા ગોઢકુલ્લા ગામે શનીવારે થયેલા ભેદી બ્લાસ્ટમાં એફએસએલ અને પોલીસ તપાસમાં લશ્કરમાં ઉપયોગમાં લેવાતો હેન્ડ ગ્રેનેડ હોવાનું બહાર આવતા જીલ્લા પોલીસતંત્ર સહીત એન્ટી ટેરીરિસ્ટ સ્ક્વોડની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે પોલીસે મૃતક યુવકના મીત્ર વિનોદ ઉર્ફે ભટ્ટો શકરાભાઈ ફણેજાની અટકાયત કરી સઘન પૂછપરછ હાથધરી છે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં ગ્રેનેડ બ્લાસ્ટ હોવાનું બહાર આવતા જ મંદીરની સુરક્ષામાં વધારો કરવા એસઆરપી ટીમ તૈનાત કરવા તાકીદ કરી છે.

ગોઢકુલ્લા ગામમાં રમેશ ફણેજા અને તેનો મીત્ર વીનોદ ફણેજા થોડા મહિના અગાઉ ગામ નજીક તળાવમાંથી હેન્ડ ગ્રેનેડ મળતા ઘરે લઈ આવ્યા હતા હેન્ડ ગ્રેનેડ રમેશ ફણેજાના ઘરે મૂકી રાખ્યો હતો મૃતક યુવકે હેન્ડ ગ્રેનેડ સાથે ફોટોગ્રાફી પણ કરી હતી શનિવારે ઘર નજીક રમેશ ફણેજા હેન્ડ ગ્રેનેડને સાંડસી વડે તોડાવા જતા પ્રચંડ બ્લાસ્ટ સાથે રમેશ ફણેજાના ફુરચેફુરચા ઉડી ગયા હતા તેની ગંભીર ઈજાગ્રસ્ત દોઢ વર્ષીય પુત્રીનું પણ અમદાવાદ સારવાર દરમિયાન મોત નીપજ્યું છે બ્લાસ્ટના પગલે રેંજ આઈજી અભય ચુડાસમા પણ જન્માષ્ટમીએ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા ભેદી બ્લાસ્ટની તપાસ જીલ્લા એસઓજીને સોંપી હતી.

# જિલ્લામાં ફોર વ્હીલર વાહનો ધરાવતા રેશનકાર્ડ ધારકોના સર્વેમાં મંથરગતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં એન.એફ.એસ.એ. સ્કીમ હેઠળ રાશન મેળવતા કાર્ડધારકો પૈકી જે કાર્ડધારકો ફોર વ્હીલર ધરાવતા હોય તેવા કાર્ડધારકોના કાર્ડ રદ કરવા માટે બંન્ને જિલ્લામાં સર્વેક્ષણ શરૂ કરવામાં આવ્યું છે પરંતુ કામગીરી મંથરગતિએ ચાલી રહી છે. જિલ્લા પાણી પુરવઠા વિભાગની તાલુકા કક્ષાએથી થતી કામગીરીમાં લોલમલોલ ચાલી રહ્યું હોય તેવી સ્થિતિ બહાર આવી છે.

વાહન ધરાવતા રેશનકાર્ડધારકોનો સર્વે શરૂ કરવામાં આવ્યો છે. કોરોનાના કપરા કાળમાં લાભાર્થીઓ કરતાં કાર્ડ ધરાવતા વાહન ચાલકોએ સરકારની મફત અનાજની યોજનાનો વધુ લાભ લીધો હોવાની હકીકત સામે આવતાં સરકાર સફાળી જાગી છે. જેમાં રાજયના મુખ્ય મંત્રી દ્વારા બી.પી.એલ. કાર્ડનો રીસર્વે કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. જેમાં કાર્ડ તેમજ બંગલા ધરાવતા કાર્ડધારકોની યાદી તૈયાર કરવા માટે સૂચના અપાઈ છે. ખાસ કરીને જેમના ઘરે ફોર વ્હીલર વાહન છે તેવા કાર્ડધારકોના સર્વેની પ્રાથમિક્તા આપવામાં આવી પરંતુ જિલ્લામાં તાલુકા કક્ષાએ સર્વેક્ષણની કામગીરીમાં ઢીલી નીતિ અપનાવવામાં આવી રહી છે. છેલ્લા કેટલાય સમયથી ફોર વ્હીલર વાહન ધરાવતા કાર્ડધારકો કોઈપણ પ્રકારની રોકટોક વગર એન.એફ.એસ.એ. સ્કીમ હેઠળ અનાજ મેળવી રહ્યા છે. પુરવઠા વિભાગ દ્વારા માત્ર ડેટા મેળવવામાં આવી રહ્યા છે તેવી વાતો કરવામાં આવી રહી છે પરંતુ તાલુકા દીઠ સર્વેક્ષણ કેટલા કાર્ડધારકો પાસે ફોર વ્હીલર વાહન છે તે સામે આવ્યું. કેટલા કાર્ડ રદ કરવામાં આવશે વગેરેની વિગતોનો સ્પષ્ટ અભાવ જોવા મળી રહ્યો છે. જિલ્લા કક્ષાએ ફોર વ્હીલર વાહનો ધરાવતા કેટલા રેશનકાર્ડ ધારકોની કામગીરી પૂર્ણ થઈ તે અંગે પૃચ્છા કરતાં તમામ જવાબદારી તાલુકા કક્ષાએ થઈ રહી છે તેમ જણાવી તાલુકાની મામલતદાર કચેરી ઉપર કામગીરી ઢોળી દેવામાં આવી છે.

# અરવલ્લીમાં અછતનું આયોજન, વરસાદની એન્ટ્રીથી ચિત્ર બદલાયું

### ૨૫૫ નવા હેન્ડપંપ, ૧૭૫ બોરનું આગોતરૂ આયોજન, ડેમ સાઈટ વિસ્તારોમાં ઓછા વરસાદથી આચમનરૂપ આવક

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

અરવલ્લી જિલ્લામાં વરસાદ ખેંચાતાં પાણી પુરવઠા વિભાગ દ્વારા સંભવિત દુષ્કાળની સ્થિતિને પહોંચી વળવા માટે આગોતરૂ આયોજન કરાયું જેમાં ૨૫૫ હેન્ડપંપ અને ૧૭૫ નવા બોર તૈયાર કરવાના આયોજન સાથેનો રિપોર્ટ સરકારમાં મોકલાયા પછી વરસાદની એન્ટ્રી થતાં ખેડૂતોની સાથે તંત્ર હરખાયું છે. જો કે જિલ્લામાં ડેમસાઈટ વિસ્તારોમાં ઓછા વરસાદને કારણે આચમનરૂપ પાણીની આવક થઈ છે જેથી ઉપરવાસમાં ભારે વરસાદ થાય તો જ જિલ્લાના જળાશયોને ફાયદો થઈ શકે છે.

એક સપ્તાહ અગાઉ વરસાદના અભાવે દારૂણ દુષ્કાળનાં ડાકલાં વાગતાં હોય તેવું ચિત્ર ઉપસ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઉદ્ભવે તેવી સ્થિતિના કારણે રાજ્ય સરકારે પાણી પુરવઠા વિભાગ પાસે સંભવિત અછતની સ્થિતિને ધ્યાનમાં રાખી રિપોર્ટ માંગ્યો હતો જેથી જિલ્લા પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી પુરવઠાની જૂથ યોજનાઓ તેમજ પીવાના પાણીની કટોકટી ઉદ્ભવી શકે તેવા વિસ્તારોમાં નવા હેન્ડપંપ તેમજ મોટર સાથે નવા બોર કરવાની તૈયારી કરવામાં આવી. આખોય અહેવાલ સરકારને સુપ્રત કર્યા પછી છેલ્લા ૨ દિવસથી જિલ્લામાં મેઘમહેર થતાં અછતનું આખું ચિત્ર ખુશાલીમાં ફેરવાયું છે. ખેતરોમાં ઉભા પાકને જીવતદાન મળી જતાં ખેડૂતોના ચહેરા ઉપર સ્મિત રેલાયું છે. જ્યારે માંડે માંડે વરસાદે પધરામણી કરતાં હવે સારા વરસાદની આશા બંધાણી છે. જિલ્લામાં ઉપરવાસમાં હજુ ભારે વરસાદ વરસ્યો નથી અને જિલ્લાના ડેમસાઈટ વિસ્તારમાં પણ સામાન્ય વરસાદ નોંધાયો છે જેથી હજુય જળાશયો ભરચોમાસે તરસ્યાં હોય તેવો ઘાટ છે. જિલ્લાના વાત્રક, માઝૂમ, મેશ્વો ડેમ સાઈટ વિસ્તારમાં સામાન્ય વરસાદ નોંધાયાના અહેવાલ છે. વરસાદી સીસ્ટમ સક્રીય થતાં આગામી સમયમાં જળાશયોમાં પાણીની સપાટીમાં વધારો થવાની સંભાવના ડેમ સૂત્રોએ વ્યક્ત કરી છે.

# ઉત્તર ગુજરાતમાં પ્રાથમિક શાળાઓ બાળકોની હાજરીથી ધમધમી

### ૧૨,૦૦૦થી વધુ પ્રાથમિક શાળાઓમાં ધો.૬ થી ૮નું ઓફલાઈન શિક્ષણ શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

સળંગ ૧૮ મહિનાથી ઓનલાઈન શિક્ષણ બંધ હતું. તા.૨ સપ્ટેમ્બરથી ઉત્તર ગુજરાતના ૧૨,૦૦૦થી વધુ શૈક્ષણિક સંકુલોમાં ધો.૬ થી ૮ નું ઓફલાઈન શિક્ષણ કોરોના ગાઈડલાઈનના કડક પાલનની શરતે શરૂ થતાં સૂમસામ અને



ભેંકાર ભાસતા શૈક્ષણિક સંકુલો અને મેદાનો બાળકોની હાજરીથી જીવંત બન્યા હતા. ઉત્તર ગુજરાતમાં સરેરાશ ૪૦ થી ૪૫ ટકા બાળકોની હાજરી જોવા મળી.

હોમ લર્નિંગ અને ઓનલાઈન શિક્ષણથી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો ત્રાસી ઉઠ્યા હતા. સરકારી તેમજ ગ્રાન્ટેડ અને ખાનગી શાળામાં અભ્યાસ કરતા બાળકોના હજારો વાલીઓએ હવે કોરોનાના ડર વગર પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ કરવાની તરફદારી કરી હતી. ઑગષ્ટ મહિનામાં ધો.૬ થી ૮ માં શિક્ષણ કાર્ય શરૂ થવાની સંભાવના વચ્ચે શાળા ખોલવાનો નિર્ણય પાછો ઠેલાતાં અનેક બાળકો અને વાલીઓ વધુ ચિંતિત બન્યા ત્યારબાદ રાજ્ય સરકારની કોર કમીટીએ તા.૨ સપ્ટેમ્બરથી ઓફ લાઈન વર્ગો શરૂ કરવાની જાહેરાત કરી અને તેમાં સરકારની ખાસ ગાઈડલાઈનના અમલની સૂચનાઓ શાળાઓ શરૂ કરવાના એક દિવસ અગાઉ તમામ ડી.પી.ઓ. અને શાળાના મુખ્ય શિક્ષકોને આપવામાં આવી હતી. છેલ્લા દોઢ વર્ષથી પણ વધુ સમયથી શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ માટે નહીં ગયેલા બાળકો શાળાઓ શરૂ થવાની ઘડી નજીક આવતાં પોતાના પ્રાણ પ્રિય ગુરૂજનો અને મિત્રોને મળવા ઉત્સુક હતા. ગુરૂવારે સવારે ઉત્સાહ સાથે બાળકો શાળામાં આવ્યા ત્યારે લાંબા સમય પછી મળવાનો અનોખો આનંદ બાળકોના ચહેરા ઉપર સ્પષ્ટ જોવા મળ્યો હતો. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના ૧૨,૦૦૦થી વધુ શૈક્ષણિક સંકુલોમાં ધો.૬ થી ૮ નું ઓફ લાઈન શિક્ષણ શરૂ થતાં હજારો શિક્ષકો પણ વર્ગખંડમાં વિદ્યાર્થીઓની હાજરીથી દિવસ દરમ્યાન સમય ક્યાં પસાર થઈ ગયો તે ખબર પડી ન હોવાનું જણાવી રહ્યા છે.

જે રીતે કોરોનાના હાઉ વચ્ચે પ્રથમ દિવસથી ધો.૬ થી ૮ માં બાળકોની સારી હાજરીથી શિક્ષકો મલકાયા છે પરંતુ કોઈપણ શૈક્ષણિક સંકુલમાં બાળકને કોરોનાના લક્ષણ જણાય તો તાબડતોબ આરોગ્ય વિભાગને જાણ કરવા અને આવા શૈક્ષણિક સંકુલોમાં શિક્ષણ કાર્ય તાબડતોબ બંધ કરાશે. કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવતા વિસ્તારોમાં પણ શાળાઓ બંધ રાખવા અગાઉથી સૂચના આપવામાં આવી છે.